**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૪ ડીગ્રી
લઘુતમ : ૨૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૪ ટકા ● સાંજે ૨૦ ટકા

# બારે માસ ભરવાના ઘઉં, અથાણાં, મસાલાની સીઝન

## ઘઉં, અથાણાં, મસાલા, કાતરી અને પાપડ જેવી ચીજવસ્તુઓ ખરીદવા અને બનાવવામાં ગૃહિણીઓ વ્યસ્ત બની : અલાયદુ બજેટ પણ આ ચીજવસ્તુઓ માટે ફાળવાય છે





ગાંધીનગર, તા.૧
ઉનાળો શરુ થાય એટલે ગૃહણીઓને ગરમીની ચિંતા કરવાની સાથોસાથ બારેમાસ ભરવાના ઘઉં, અથાણાં અને મસાલાની ચિંતા કરવી પડે છે. ગૃહિણીઓ આ વધારાના કામમાં વ્યસ્ત બની છે. સાથે જ આ બધી ચીજવસ્તુઓ માટે વિશેષ બજેટની ગોઠવણ કરતા પણ ગૃહિણીઓને પરસેવો છુટી રહ્યો છે.

ઉનાળો આવે એટલે સૌથી વધુ દોડધામ ગૃહિણીઓને રહે છે. એક તો પરીક્ષાની મોસમ ચાલતી હોય. બાળકોની પરીક્ષા અને ટયુશન્સનું ટેન્શન હોય ત્યાં બારેમાસ ભરવાની ચીજવસ્તુઓની ચિંતા ગૃહિણીઓને કરવી પડે છે. આપણે ત્યાં પેઢી દર પેઢી ઉનાળાના પ્રારંભે હોળી બાદ આખું વર્ષ ભરવાના મસાલા, ઘઉં ખરીદવાની પરંપરા છે. આખુ વર્ષ ચાલે તેવા સારા અને સસ્તા ઘઉં ખરીદવા ખૂબ જ કડાકૂટ ભર્યુ કામ છે. આટલું જ કડાકૂટભર્યુ કામ મરચું, હળદર, ધાણાજીરું અને અન્ય મસાલાઓ ભરવાનું કામ છે. મરચું સહિતના અન્ય મસાલાઓ સારી કવોલીટીના હોય તો જ આખું વર્ષ રસોઈમાં રંગત જામે છે. જો તેમાં સહેજ પણ ગફલત થાય તો ગૃહિણીઓના માથે આખું વર્ષ માછલાં ધોવાય છે એટલે ગૃહિણીઓ આ બાબતમાં જરાય ઢીલ મુકતી નથી ભારે ગરમી સહન કરવી પડે, સમય બગાડવો પડે પરંતુ ઘઉં અને મસાલા ગૃહિણીઓ જાતે જ ચૂંટીને તૈયાર કરાવડાવે છે. ઘણાં પરિવારોમાં તો ઘઉંની સાથે જ આખા વર્ષની તુવેરદાળ પણ ભરી લેવાય છે જેથી કરીને આખું વર્ષ એક સરખી રસોઈની લિજ્જત બરકરાર રહે.

મસાલાં, ઘઉંની સાથે જ આ સીઝનમાં અથાણાં, છુંદો, મુરબ્બો બનાવવામાં આવે છે. હવે તો બજારોમાં તૈયાર અથાણાં મળતા હોવા છતાં મોટાભાગની ગુજરાતી ગૃહિણીઓ દાદી-નાની પાસેથી શીખેલી પરંપરાગત રીતથી જ અથાણું નાંખે છે. હાલમાં બજારોમાં કાચી કેરી આવવાની શરુ થઈ ગઈ હોવાથી અથાણાંની સીઝન પણ શરુ થઈ ગઈ છે. જયારે બટાકાની કાતરી, વેફર, ચકરી પાડવાનું કામ તો ગૃહિણીઓએ આટોપી લીધું છે. હોળી પહેલાં બટાકાની સીઝનમાં જ આ કામ ગૃહિણીઓએ પાર પાડી દીધું હતું. વર્ષભરની રસોઈની રંગત જરાય ઝાંખી ન પડે તે માટે ગૃહિણીઓ ઉનાળાના પ્રારંભે જ આખા વર્ષના ઘઉં, મસાલા, અથણાંનો સંગ્રહ કરી લે છે. ગૃહિણીઓ હાલમાં આ બધી જ કડાકૂટમાં વ્યસ્ત બની છે.

## બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીના વિદ્યાર્થીઓએ અદાણી મુંદ્રા પોર્ટની મુલાકાત લીધી



શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીના કમ્પ્યુટર તથા આઈ.ટી. વિભાગના છઠ્ઠા સેમેસ્ટરના વિદ્યાર્થીઓએ તા. ૨૭ અને ૨૮ માર્ચ ૨૦૧૯ના રોજ મુંદ્રા પોર્ટ (કચ્છ)ની શૈક્ષણિક મુલાકાત લીધી હતી. આશરે ૭૫ વિદ્યાર્થીઓ અને ૪ કોલેજના પ્રાધ્યાપકો આ મુલાકાતમાં જોડાયા હતા. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ અદાણી પાવર પ્લાન્ટ, રીફાઈનરી, અદાણી સેઝ વગેરેની મુલાકાત લઈ અભ્યાસમાં આવતા થીઅરી જ્ઞાનની પ્રેકટીકલ માહિતી મેળવી હતી. આ ઉપરાંત અદાણી મુંદ્રા પોર્ટમાં હાસ્ય, યોગા જેવા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પણ દરેક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર મુલાકાત દરમિયાન કોલેજના પ્રાધ્યાપક પ્રો. નીતિન પંડયા, પ્રો. હાર્દિક પટેલ, પ્રો. ઝલક પ્રજાપતિ તથા પ્રો. રિધ્ધિ મહેતાના નેતૃત્વમાં સફળતાપૂર્વક યોજાઈ હતી.

# સેકટર-પને ચોરોએ બાનમાં લીધુ

## ત્રણ દિવસમાં સે-પમાં બે મકાનના તાળા તુટ્યા અને એક બાઈક ચોરાયુ

ગાંધીનગર, તા.૧
પાટનગર ગાંધીનગરમાં ઘણા સમયથી તસ્કરો બેફામ બન્યા છે ત્યારે પોલીસે પણ નાઈટ પેટ્રોલીંગ સઘન બનાવી લીધુ છે. તેમ છતા પોલીસને લલકાર ફેંકીને તસ્કરો બિન્દાસ્ત શહેરમાં હાથ અજમાવી રહ્યા છે. તેમાં પણ સેકટર-૫ ને તો ચોરોએ સોફટ ટાર્ગેટ બનાવીને રીતસરનું બાનમાં લઈ લીધુ હોય તેવું સ્થાનિકોને લાગી રહ્યું છે. છેલ્લા ત્રણ દિવસમાં સે-૫ સી વિસ્તારમાં બે બંધ મકાનના તાળા તુટ્યા છે જયારે એક બાઈકની ઉઠાંતરી પણ આ વિસ્તારમાંથી થઈ ચુકી છે. જો કે આ મામલે પોલીસે ફરીયાદ નોંધાવા પામી ન હોવાનું જાણવા મળી રહ્યું છે.

મળતી માહિતી મુજબ સેકટર-૫ સી પ્લોટ નં. ૧૬૨૨-૨ ખાતે રહેતા ૬૫ વર્ષિય ઉમેશચંદ્ર ગોવિંદલાલ ત્રિવેદી ગત્ તા.૨૨ માર્ચે કેરાલા ખાતે ગયા હતા. શનિવારના રોજ તા.૩૦ ના રોજ દુધવાળાએ તેમને ફોન કરીને તેમને જાણ કરી હતી કે તેમના મકાનના દરવાજા ખુલ્લા છે. મકાનમાં ચોરી થયાની આશંકાને પગલે તેઓ તાત્કાલીક કોચીનથી ગાંધીનગર આવ્યા હતા. ઘરે આવીને જોયું તો મુખ્ય દરવાજાના સ્ટીલના નકુચા અને ઈન્ટરલોક તુટેલી હાલતમાં હતું. રૂમમાં સામાન વેર વિખેર પડ્યો હતો અને લોખંડની તિજોરીના તાળા પણ તુટેલા હતા. ઘરમાં ઘુસીને તસ્કરો રૂ.૧૦ હજાર રોકડ તેમજ પાંચ હજારની કિંમતની ઈમીટેશન જવેલરી અને અમેરીકન ડોલરનું પરચુરણ ઉઠાવી ફરાર થઈ ગયા હતા. આ મામલે સેકટર-૭ પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે. જયારે સે-૫ સીમાં રવિવારની રાત્રે અન્ય એક બંધ મકાનનું તાળુ તુટવા પામ્યું હતું. જો કે મકાન માલિક ઘરે ન હોવાથી મકાનમાંથી કેટલી માલ મિકલતની ચોરી થઈ તે જાણી શકાયુ નથી તે ઉપરાંત આ મામલે હજુ પોલીસ ફરીયાદ પણ નોંધાવા પામી નથી. એટલુ જ નહી સે-૭ સી ખાતે ભાડાના મકાનમાં રહેતા એક યુવાનનો બાઈક પણ ચોરી થઈ જવા પામી છે. નવાઈની વાત તો એ છે કે યુવાનનું બાઈક ચોરીને ચોર પોતાનું જુનુ બાઈક તે જ સ્થળે મુકીને ભાગી ગયો છે. જો કે આ મામલે પણ પોલીસ ફરીયાદ નોંધાઈ નથી.

## ગુજરાત રાજય સ્ટેનોગ્રાફર્સ એસોસીએશનના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૧
ગુજરાત રાજય સ્ટેનોગ્રાફર્સ એસોસીએશન ગાંધીનગરના હોદ્દેદારોની ચુંટણી યોજવામાં આવી હતી. જેમાં પ્રમુખ અને મહામંત્રી સાથે બાકીના હોદ્દાઓ માટે બિનહરીફ તથા કો-ઓપ ઉમેદવાર ચૂંટાયા હતા. જેમાં પ્રમુખ તરીકે બાબુભાઈ એન. બોચાતર, મહામંત્રી શૈલેષકુમાર પી. પ્રજાપતિ, ખજાનચી અશ્વિનભાઈ જે. પનારા, ઉપપ્રમુખ તરીકે બાંકિમભાઈ કે. પ્રજાપતિ, આર.જે. કિહોરી, રશ્મિકુમાર આર. જોષી, સહમંત્રી આર.એમ. ગામીત તથા કારોબારી સભ્યો સાથે કુલ ૧૧૯ હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી હતી.

# ડિવાઈન જૂનિયર ઈન્ટરનેશનલ પ્રિસ્કૂલમાં હેલ્ધી બેબી સ્પર્ધા યોજાઈ




ગાંધીનગર, તા.૧
બાળક એ માતા પિતા માટે ભગવાનની સૌથી અમુલ્ય ભેટ છે. એમાં પણ જયારે એમની તંદુરસ્તીની વાત આવે ત્યારે માતા-પિતા ખૂબ જ સાવધાન થઈ જાય છે. સેકટર-૨૧ની ડિવાઈન જૂનિયર ઈન્ટરનેશનલ પ્રિસ્કૂલ ખાતે હેલ્ધી બેબી સપર્ધાનું આયોજન ૩૧ માર્ચ ૨૦૧૯ રવિવારના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં ૩૨ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. જૈનિશા ચૌધરી (એમડીડીજીઓ, ગોલ્ડ મેડાલીસ્ટ) યશદીપ ગાયનેક હોસ્પિટલ સે-૨૧ તથા ડૉ. અવધિ પટેલ (બીડીએસ) શિવ ડેન્ટલ કિલનિક-કુડાસણે સેવા આપી હતી. જેમાં ડિવાઈન પ્રિન્સ તરીકે નિવાન તથા હૃદયરાજ, ડિવાઈન પ્રિન્સેસ મહિમના તથા વીરા, હેલ્ધી બેબી પ્રેમ, રુદ્રાન્સ, જયવીર, વૃંદા તથા સ્માઈલી બેબી તરીકે ક્રિશ, ત્રિશા, ધન્વીન, વરેન્મય તથા હેલ્ધી હેર બેબી તરીકે હર્ષિવ, કેયા, નિરવી, કાઈરા વિજેતા જાહેર કરાયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડિવાઈન જૂનિયરના ફાઉન્ડર ગિરા ચૌધરી અને વિનોદ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સ્કૂલ હેડટીચર ભારતીબેન રાઠોડ તથા સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# સર્કીટ હાઉસમાંથી બેંકના રીકવરી એજન્ટો મર્સીડીઝ કાર ઉઠાવી ગયા..!

ગાંધીનગર, તા.૧
ગાંધીનગર સર્કીટ હાઉસ ખાતેથી અતિ આધુનિક અને કિંમતી મર્સીડીઝ કાર ચોરાઈ ગયા હોવાનું ધ્યાને આવતા સે-૨૧ પોલીસ દોડતી થઈ ગઈ હતી. જયારે પોલીસે સર્કીટ હાઉસના કર્મચારીઓની ઉંડાણપૂર્વક તપાસ કરતા પોલીસની પ્રાથમિક તપાસ કરતા જાણવા મળ્યું હતું કે કારની ચોરી થઈ નથી પરંતુ કોઈ કારણોસર કાર બેંકના રીકવરી એજન્ટો કાર લઈ ગયા હોવાનું સામે આવ્યું હતું. અડાલજ પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર સર્કીટ હાઉસના કર્મચારી પાસે તાજેતરમાં અન્ય એક વ્યકિત પહોંચ્યો હતો. અને કહ્યું હતુ કે સર્કીટ હાઉસના પડેલી મારી મર્સીડીઝ કાર ગાયબ છે. કર્મચારીઓએ આ બનાવ અંગે અજાણ હોવાનું જણાવ્યું હતું. જેને પગલે કાર માલિક સે-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવવા માટે ગયો હતો. કારની ઓરીજીનલ ચાવી સાથે રજુઆત માટે પહોંચેલા નાગરીકની રજુઆતને પગલે પોલીસ મથકમાં હાજર અધિકારીએ સર્કીટ હાઉસ ખાતે પોલીસ સ્ટાફ મોકલી આપ્યો હતો. સર્કીટ હાઉસના કર્મચારીઓની પુછપરછમાં આ કાર અન્ય તપાસમાં કાર ફાઈનાન્સ કંપનીના રીકવરી એજન્ટ લઈ ગયા હોવાનું ધ્યાને આવ્યું છે. જયારે કાર પર લોન પાસ કરતી વખતે બેંક પાસે રીકવરીની સત્તા હોવાના કારણોસર પોલીસે બનાવ અંગે ફરીયાદ નોંધી નથી. જયારે કાર માલિકને બેંકનો સંપર્ક કરવા જણાવાયું હતું.

## દોલારાણા વાસણા ગામમાં ભાગવત કથાનું આયોજન

ગાંધીનગર, તા.૧
ચૈત્ર માસમાં દોલારાણા-વાસણા ગામના ગ્રામજનો દ્વારા તા. ૫ એપ્રિલથી ૧૧ એપ્રિલ દરમિયાન દરરોજ બપોરે ૧૨ થી ૩ ભાગવત કથાનું આયોજન ગાંધીનગરના યુવા કથાકાર ગોસ્વામી સંજયભારતી બાપુની આગવી શૈલીમાં કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મકરોડિયિ હનુમાનજી મંદિર, ખાખ ચોક, રામજી મંદિર, દોલારાણા વાસણા, સાદરા ચિલોડા રોડ ખાતે ભગવાનની ઝાંખી , દર્શન, ગોવર્ધન દર્શન, રાસ, જન્મોત્સવ, વિવાહ જેવા ધાર્મિક પ્રસંગ સાથે યોજાશે.સુંદરધામ પરિવાર દ્વારા સૌ ભકતોને કથામાં પધારવા જણાવાયું છે.

## નિવૃત્ત કર્મચારીનું સન્માન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા.૧
ગાંધીનગર નાયબ કાર્યપાલક ઈજનેર કચેરીના ઓવરશીયર બળવંતસિંહ એમ. રાઠોડની વય નિવૃત્તિ નિમિત્તે વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના કોર્પોરેટર લલિતાબેન વાઘાજી ઠાકોર, નાયબ કાર્યપાલક ઈજનેર એસ.બી. જોઝા, સિનિયર કલાર્ક અરવિંદભાઈ પટેલ તથા તમામ સ્ટાફે ઉપસ્થિત રહી તેમનું મોમેન્ટો તથા શાલ ઓઢાડી સન્માન કર્યુ હતું.



આઈઆઈટી ગાંધીનગર ખાતે કોમ્પ્યુટર સાયન્સ ક્ષેત્રે રહેલી તકો વિશે એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ સંસ્થાઓના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ આ વર્કશોપમાં ભાગ લઈ કોમ્પ્યુટર સાયન્સ ક્ષેત્રે રહેલી તકો અંગે ચર્ચા કરી હતી.

## ઉનાવાના શ્રી ગોગાજી ધામમાં ચૈત્ર નવરાત્રિ ઉજવાશે

ગાંધીનગર, તા.૧
દેશ પરદેશમાં પૂજાતા ઉનાવા ગામના શ્રી ગોગાજી મહારાજ અને શ્રી સિકોતર માતાજીની તા. ૬ઠ્ઠી એપ્રિલથી તા. ૧૪મી એપ્રિલ સુધી નવરાત્રિ મહોત્સવ ઉજવાશે. તા. ૧૩મી એપ્રિલના રોજ માતાજીનું દેરાહરુ (જાતર) રાખેલ છે.

સમગ્ર ચૈત્રિ નવરાત્રિ દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજેલ છે. ચૈત્ર સુદ આઠમના દિવસે દેરાહરુ જાતરનો ધાર્મિક કાર્યક્રમ યોજાશે. આ દિવસે શ્રધ્ધાળુઓનું ઘોડાપુર ગોગાજી ધામમાં પધારશે. ભકત શકરાભાઈ કરશનભાઈ રબારી તથા નાગજીભાઈ રબારીએ ભાવિકોને પધારવા જણાવેલ છે.

# જીન્જુવાડાના મીઠાના અગરોના શ્રમિકોને આત્મન ફાઉન્ડેશન દ્વારા જરૂરી ચીજ- વસ્તુનું વિતરણ







ગાંધીનગર, તા.૧
એક અઠવાડિયામાં બીજી વાર આત્મન સંસ્થા દ્વારા મીઠા ઉત્પાદન કરતા અગરિયા પરિવારોને આવા બળબળતા તાપમાં જરૂરી ચીજ-વસ્તુઓનું પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું. બીજા તબક્કામાં સંસ્થા દ્વારા જીન્જુવાડા વિસ્તારના ૧૪૦ ભાઈ-બહેનો અને ૧૨૫ જેટલાં બાળકોને આવરી લેવામાં આવ્યાં હતાં. એ વિસ્તારના ૬ ટેન્ટ શાળા - કેન્દ્રોની મુલાકાત લેવામાં આવી હતી. ગોળ, તેલ પાઉચ, સ્લીપર, ગોગલ્સ, ટોપી, શાકભાજી વગેરે જરૂરી ચીજોનું શ્રમિક પરિવારોને તેમજ બાળકોને સ્ટેશનરી અને સ્લીપરનું વિતરણ કરાયું હતુ. વિસનગરનું રણ, વિસનગર - ૨ એટલે કે ફ્તેપુર રણ શાળા, ફુલગામડી, મહાવીર સોલ્ટ, કે. એમ. સોલ્ટ અને ચકાભાઈના પાટા - આ વિસ્તારો આવરી લેવામાં આવ્યાં હતા.

સતત અને સખત અભાવો વચ્ચે રહેતાં-જીવતાં આ માનવીઓ...વળી એવી જ આકરી ગરમી...નજર પડે ત્યાં સુધી ખારો પાટ...એમને પ્રેમ - હૂંફનો માત્ર સાદ પાડી શકીએ તોય ઘણું... એમનો ઋણ સ્વીકાર તો ન જ કરી શકીએ, કેમ કે એમના થકી જ આપણું ભોજન સ્વાદિષ્ટ બને છે, એમાં એમનો જીવન -પરસેવો ભળેલો હોય છે.

ગાંધીનગરથી આ કાર્યમાં પ્રજ્ઞાબેન પટેલ, ભરતભાઈ કવિ, કિશોરભાઈ જીકાદરા, યોગેશભાઈની સાથે અગરિયા હિત રક્ષક મંચ(પાટડી)ના સર્વશ્રી ભરતભાઈ સોમેરા, ધ્વનિતભાઈ પંડયા, પ્રવીણભાઈ પરમાર અને આનંદભાઈ સોલંકી જોડાયા હતાં. સંસ્થાના સહયોગીઓએ બાળકો સાથે વાર્તાલાપ પણ કર્યો હતો.

## ચિરવિદાય

- સ્વ. જાદવ બબીબેન બાબુભાઈ, ઉ.વ. ૭૮
- સ્વ. પ્રજાપતિ અમરતબેન રામજીભાઈ, ઉ.વ. ૮૭
- સ્વ. લખીબેન જલાજી વણઝારા, ઉ.વ. ૯૦